### ઉમરેઠમાં દબાણને કારણે એમ્બ્યુલન્સ ન પહોંચતા એકનું મોત બાદ રોષ ભડક્યો

# ઉમરેઠમાં દબાણ મુદ્દે રોષે ભરાયેલા રહીશોએ પાલિકામાં હલ્લાબોલ કર્યો

**ઢાગપાલ** વિસ્તારમાં લારી-પાથરણાના દબાણ હટાવવા કહેતા રહીશો સાથે ઝપાઝપી


તસવીરઃ ધનંજય શુક્લ

(પ્રતિનિધિ) ઉમરેઠ તા.24

ઉમરેઠના ઢાગપાલ વિસ્તારમાં દાઉદી વ્હોરા સમાજની મસ્જિદ પાસેના સાંકડા રસ્તા પર લારી અને પાથરણાના અતિશય દબાણને કારણે સ્થાનિકોની હાલત કફોડી બની છે. આ બાબતે અગાઉ બે વખત રજૂઆત કરવા છતાં પાલિકા દ્વારા કોઈ પગલાં ન લેવાતા રહિશોએ પાલિકા કચેરીએ પહોંચી ચીફ ઓફિસરને ઉગ્ર રજૂઆત કરી હતી.

આ અંગે સ્થાનિક રહીશોના જણાવ્યા મુજબ, જાહેર રસ્તા પર દબાણ ન કરવા માટે સમજાવવા જતા દબાણકર્તાઓએ ઉશ્કેરાઈને સ્થાનિકો સાથે ઝપાઝપી કરી હતી. આ દબાણોની ગંભીરતાનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે, એક મહિલાના પતિને હાર્ટ એટેક આવ્યો ત્યારે રસ્તા પરના દબાણોને કારણે એમ્બ્યુલન્સ ઘર સુધી પહોંચી શકી નહોતી, સમયસર સારવાર ન મળતા તેમના પતિનું અવસાન થયું હતું. આ ઉપરાંત દબાણકર્તાઓ દ્વારા ફેલાવવામાં આવતા કચરા અને ગંદકીને લીધે રહીશોના સ્વાસ્થ્ય પર પણ જોખમ ઊભું થયું છે. રહીશોએ ચીમકી આપી છે કે જો પાલિકા આ દબાણો દૂર નહીં કરે તો તેઓ કલેક્ટરને રજૂઆત કરશે.


#### ચૂંટણી બાદ જ પગલાં લઈ શકાશે: ચીફ ઓફિસર

આ અંગે નગરપાલિકાના ચીફ ઓફિસર ભારતીબેન સોમાણીએ જણાવ્યું હતુ કે, મારામારી એ પોલીસનો વિષય હોવાથી ત્યાં ફરિયાદ કરવી જોઈએ. હાલ નગરપાલિકાની બોડીની ટર્મ પૂરી થઈ હોવાથી આ વિષયમાં વહીવટદાર સાથે વાત કરવી પડશે. ચૂંટણી બાદ પાલિકા પોતાના ધોરણે પગલાં લઈ શકશે.

#### દબાણકર્તાઓ દ્વારા ઝઘડો કરવામાં આવ્યો

આવેદનકર્તા સુરપાલસિંહે જણાવ્યું હતું કે, અમારા મુખ્ય રસ્તા પર દબાણોને કારણે અવરજવર મુશ્કેલ બની છે. સમજાવવા જતા અમારી સાથે ઝપાઝપી કરવામાં આવી. પાલિકાને વારંવાર રજૂઆત કરવા છતાં હજુ સુધી કોઈ સંતોષકારક નિકાલ આવ્યો નથી.

### આણંદના અક્ષર ફાર્મમાં 'શ્રી હરિ પર્વ'ની દિવ્યતા: નીલકંઠ વર્ણીના વનવિચરણની ઝાંખી અને કથામૃતનો ત્રિવેણી સંગમ



આણંદ શહેરના ઉત્સવ ભૂમિ અક્ષર ફાર્મ ખાતે પરબ્રહ્મ ભગવાન સ્વામિનારાયણના 245મા પ્રાગટ્ય ઉત્સવના ઉપલક્ષમાં પાંચ દિવસીય 'શ્રી હરિ પર્વ' નો અત્યંત ભક્તિસભર માહોલમાં પ્રારંભ થયો છે. આ મહોત્સવના મુખ્ય આકર્ષણ સમાન ભવ્ય પ્રદર્શનમાં ભગવાન નીલકંઠ વર્ણીએ કિશોરવયે કરેલા સાત વર્ષના કઠિન વનવિચરણની રોમાંચક ઝાંખી અને ભગવાન શ્રી રામના દર્શન ભાવિકો માટે ખુલ્લા મૂકવામાં આવ્યા છે. 28મી માર્ચ દરમિયાન આયોજિત આ મહોત્સવમાં દરરોજ સાંજે 6થી 8 દરમિયાન વિવિધ ધાર્મિક કાર્યક્રમો અને રાત્રે 8થી 10 કલાકે વિદ્વાન વક્તા પૂજ્ય કૃષ્ણપ્રિય સ્વામી દ્વારા કથામૃતનું રસપાન કરાવવામાં આવી રહ્યું છે. આ મહોત્સવના વિવિધ દિવસોએ અન્નકૂટ ઉત્સવ, અખંડ ધૂન અને અક્ષર ફાર્મ પરિસરમાં જ ભવ્ય શોભાયાત્રા જેવા વિશેષ આયોજનો દ્વારા ભક્તિની સરવાણી વહેશે. ભગવચરણ સ્વામી અને કોઠારી યજ્ઞસેતુ સ્વામીએ આ દિવ્ય મહોત્સવનો લાભ લેવા સૌ હરિભક્તોને ભાવભીનું આમંત્રણ પાઠવ્યું છે.

# વીરપુરમાં પેટ્રોલ પંપો પર વાહનોની લાંબી કતારો લાગી

**તંત્ર દ્વારા** સબસલામતના બંગણા ફુંકાય છે, પરંતુ 3માંથી એક પમ્પ બંધ



(પ્રતિનિધિ) વીરપુર તા.24

મહિસાગર જિલ્લાના વીરપુર તાલુકામાં છેલ્લા બે દિવસથી પેટ્રોલ અને ડીઝલની અછત હોવાની અફવાએ જોર પકડતા સામાન્ય જનજીવન અસ્તવ્યસ્ત બની ગયું છે. સોશિયલ મીડિયા પર ઈંધણ ખૂટી પડવાના ભ્રામક સંદેશાઓ વાયરલ થતાં ગભરાયેલા વાહનચાલકો સોમવાર બપોરથી જ પેટ્રોલ પંપો પર ઉમટી પડ્યા હતા, જેના કારણે તાલુકાના તમામ પેટ્રોલ પંપો પર અરાજકતા જેવી સ્થિતિ સર્જાઈ હતી.

મહિસાગર જિલ્લામાં રાંધણ ગેસના સિલિન્ડર બાદ હવે પેટ્રોલ-ડીઝલની અછતની અફવાએ બળતામાં ઘી હોમવાનું કામ કર્યું છે. ખાસ કરીને યુદ્ધની અસરના નામે ફેલાવવામાં આવેલી આ અફવાઓને કારણે વીરપુર તાલુકાના ત્રણેય પેટ્રોલ પંપો પર સોમવાર અને મંગળવાર દરમિયાન ભારે ભીડ જોવા મળી હતી. લોકો જરૂરિયાત કરતાં વધુ ઈંધણ ભરાવવા માટે કલાકો સુધી લાઈનોમાં ઉભા રહ્યા હતા.

આ અરાજકતા વચ્ચે વીરપુરના ત્રણ પૈકીના એક 'નાયરા' પેટ્રોલ પંપ પર સોમવારની મોડી રાત્રે પેટ્રોલનો સ્ટોક ખાલી થઈ ગયો હતો. જોકે, મંગળવારે રાહતના સમાચાર એ આવ્યા હતા કે તાલુકાના અન્ય બે પંપો પર નવા ટેન્કરો આવી પહોંચ્યા છે. પંપ સંચાલકોએ સ્પષ્ટતા કરી છે કે હાલમાં પૂરતો જથ્થો ઉપલબ્ધ છે અને પુરવઠો નિયમિત છે.

અલબત્ત, પેટ્રોલ પંપના સંચાલકોએ જનતાને અપીલ કરી છે કે સોશિયલ મીડિયા પર ફેલાતી અફવાઓથી દોરવાવું નહીં. હાલમાં પૂરતો સ્ટોક છે, તેથી ગભરાટમાં આવીને જરૂરિયાત કરતા વધુ ઈંધણનો સંગ્રહ ન કરવા અને શાંતિ જાળવવા વિનંતી કરવામાં આવી છે.

# બોરસદ : સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને પગલે ધમધમાટ શરૂ

**બોરસદની** 9 જિલ્લા અને 34 તાલુકા પંચાયત બેઠકોની મતદાર યાદી જાહેર

(પ્રતિનિધિ) બોરસદ તા 23

આણંદ જિલ્લાના બોરસદ તાલુકામાં આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓને લઈને વહીવટી તંત્ર દ્વારા તૈયારીઓ તેજ કરવામાં આવી છે. તાજેતરમાં પ્રસિદ્ધ થયેલી વિગતો મુજબ, બોરસદ તાલુકાની 9 જિલ્લા પંચાયત બેઠકો અને તેને સંલગ્ન 34 તાલુકા પંચાયત બેઠકો માટેના મતદારોની સત્તાવાર મતદારયાદી જાહેર કરવામાં આવી છે.

સમગ્ર બોરસદ તાલુકાની મળતી માહિતી કુલ 2,42,191 મતદારો નોંધાયા છે, જેમાં પુરુષ મતદારોની સંખ્યા 1,25,088 અને મહિલા મતદારોની સંખ્યા 1,17,100 છે. આ ઉપરાંત 3 અન્ય મતદારોનો પણ સમાવેશ થાય છે.

આણંદ જિલ્લા પંચાયતની બોરસદ તાલુકામા આવેલી કુલ 9 બેઠક મુજબ મતદારોની વિગતો જાહેર કરવામાં આવી છે.

જિલ્લા પંચાયતની આ 9 બેઠકો હેઠળ કુલ 34 તાલુકા પંચાયત બેઠકોનો સમાવેશ થાય છે. જેમાં સૌથી વધુ મતદારો ધરાવતી બેઠકોમાં બદલપુર (10,107), વાસણા-બો (9,234) અને નાપા તળપદ (8,760) જેવી બેઠકોનો સમાવેશ થાય છે.

ચૂંટણી પંચ દ્વારા જાહેર કરાયેલા આ આંકડાઓને પગલે સ્થાનિક રાજકારણમાં ગરમાવો આવ્યો છે અને તમામ પક્ષોએ મતદારોના સમીકરણો માંડવાનું શરૂ કરી દીધું છે.

# વડતાલધામમાં 27મી માર્ચથી ભવ્ય 'ચૈત્રી સમૈયો' ઉજવાશે

**શ્રીમદ** ભાગવત કથા, જળયાત્રા, સંત દીક્ષા અને જન્મોત્સવ સહિત વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાશે

(પ્રતિનિધિ) આણંદ તા.24

ભગવાન સ્વામિનારાયણ અને પાંચસો પરમહંસોની પદરજથી પાવન તીર્થભૂમિ વડતાલધામમાં આગામી 27મી માર્ચથી 2જી એપ્રિલ (ચૈત્ર સુદ નોમ થી પૂનમ) દરમિયાન પરંપરાગત 'ચૈત્રી સમૈયા'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. ભગવાન શ્રી હરિએ પોતાના આશ્રિતોને કાર્તિકી અને ચૈત્રી સમૈયામાં વણતેડે વડતાલ આવવાની આજ્ઞા કરી છે, જેના ભાગરૂપે આ દિવ્ય મહોત્સવ ઉજવાશે.

આ મહોત્સવનો પ્રારંભ 26મી માર્ચના રોજ ગોમતીજીથી નીકળનારી વાજતે-ગાજતે જળયાત્રા અને પોથીયાત્રા સાથે થશે. 27મી માર્ચના રોજ સવારે અભિષેક, અન્નકૂટ અને યજ્ઞનો પ્રારંભ થશે. આ જ દિવસે બપોરે 12-00 કલાકે શ્રી રામ જન્મોત્સવ અને રાત્રે 10-10 કલાકે શ્રી હરિ જન્મોત્સવ (હરિ જયંતિ) ની ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવશે. 29મી માર્ચના રોજ એકાદશી નિમિત્તે ગોપાળાનંદ સ્વામીના આસને સંત દીક્ષાનો કાર્યક્રમ યોજાશે. 2જી એપ્રિલે હનુમાન જયંતિ સાથે સમૈયાની પૂર્ણાહુતિ થશે.

આ સમૈયા દરમિયાન વક્તા શાસ્ત્રી સ્વામી નારાયણચરણદાસજી (વ્રજભૂમિ-આણંદ) દ્વારા 'શ્રીમદ ભાગવત' ગ્રંથની કથાનું રસપાન કરાવવામાં આવશે. આ ઉપરાંત, દરરોજ યોજાનારી વ્યાખ્યાનમાળામાં 'ધોલેરા મહાત્મય' અંતર્ગત ધોલેરા ધામનો ઈતિહાસ, પ્રસાદીના સ્થાનો અને સંતોના મહિમા વિશે કથા પીરસવામાં આવશે.

આ મહોત્સવ સત્સંગ મહાસભાના પ્રમુખ નૌતમપ્રકાશદાસજી સ્વામીની પ્રેરણાથી અને આચાર્ય રાકેશપ્રસાદજી મહારાજના શુભાશિષ સાથે આયોજિત છે. વડતાલ મેનેજિંગ ટ્રસ્ટી બોર્ડ અને વડીલ સંતોએ તમામ હરિભક્તોને આ દિવ્ય અવસરે દર્શન અને આશીર્વાદનો લાભ લેવા હાર્દિક આમંત્રણ પાઠવ્યું છે.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### ચલાલીમાં સીએનજી સ્ટેશન પર ગેસ લીકેજ અને આગની દુર્ઘટનાને પહોંચી વળવા 'મોક ડ્રિલ' યોજાઈ




**નડિયાદ |** નડિયાદ-ડાકોર હાઇવે પરના ચલાલી ગામે ગુજરાત ગેસના સીએનજી સ્ટેશન પર લેવલ-3 મોક ડ્રિલનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ કવાયત દરમિયાન કોમ્પ્રેસરમાંથી ગેસ લીકેજ અને ત્યારબાદ આગ લાગવાની સ્થિતિનું વાસ્તવિક સિમ્યુલેશન કરી સ્ટાફની સજ્જતા ચકાસવામાં આવી હતી. ઇમરજન્સી સમયે સુરક્ષા પ્રોટોકોલનું પાલન અને ઝડપી પ્રતિસાદ આપવાની ક્ષમતા ચકાસવાના હેતુથી આ ડ્રિલ હાથ ધરાઈ હતી. ગુજરાત ગેસના અધિકારીઓ અને સરકારી પ્રતિનિધિઓની હાજરીમાં આ સમગ્ર કામગીરી સફળતાપૂર્વક સંપન્ન થઈ હતી.

### વસોના નવાગામની દિવ્યાંગ દીકરી તમન્નાએ નેશનલ સ્પોર્ટ્સમાં બેવડી સિદ્ધિ મેળવી

**વસો |** વસો તાલુકાના નવાગામ પ્રાથમિક શાળાની દિવ્યાંગ વિદ્યાર્થીની તમન્ના વિજયભાઈ મહિડાએ બિહારના પટના ખાતે યોજાયેલ નેશનલ રમતોત્સવમાં ઝળહળતી સફળતા મેળવી છે. તેણે સોફ્ટબોલ રમતમાં રાષ્ટ્રીય કક્ષાએ પ્રથમ સ્થાન અને ભાલાફેકમાં ત્રીજું સ્થાન પ્રાપ્ત કરી શાળા અને ગામનું નામ રોશન કર્યું છે. આ અપ્રતિમ સિદ્ધિ બદલ શાળા પરિવાર, વાલીઓ અને સમગ્ર નવાગામમાં ગર્વની અને હર્ષની લાગણી વ્યાપી ગઈ છે. તમન્નાની આ અદ્ભુત સિદ્ધિ અને ઉજ્જવળ ભવિષ્ય માટે સૌએ તેને હાર્દિક અભિનંદન પાઠવ્યા છે.




ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

**ગતિવિધિ**

**આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.**

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### ખંભાતની કોલેજમાં 'સાયબર સુરક્ષા' સેમિનારમાં 130થી વધુ વિદ્યાર્થીઓ હાજર રહ્યા




**ખંભાત |** ખંભાતની આર્ટ્સ, કોમર્સ અને સાયન્સ કોલેજમાં સાયબર ક્લબ અને KCG-કવચ દ્વારા 'ડિજિટલ યુગમાં સાયબર સુરક્ષા' વિષય પર એક વિશેષ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં રાષ્ટ્રીય રક્ષા અને સરદાર પટેલ યુનિવર્સિટીના નિષ્ણાતોએ સાયબર ઠગાઈ, ઓનલાઈન સુરક્ષા અને ડિજિટલ ફોરેન્સિક્સ જેવા વિષયો પર વિદ્યાર્થીઓને ઊંડાણપૂર્વક માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. ખંભાત સીટી પોલીસના કર્મચારીઓએ સાયબર સ્વચ્છતા વિશે સમજ આપી કોઈપણ સાયબર ગુનાની ફરિયાદ માટે 1930 હેલ્પલાઈન નંબરનો ઉપયોગ કરવા સૂચના આપી હતી.

### ચારૂસેટની IIIM અને CLASS સંસ્થાઓના વાર્ષિક દિન પ્રસંગે 500થી વધુ વિદ્યાર્થી સન્માનિત કરાયાં

**આણંદ |** ચરોતર યુનિવર્સિટી સંલગ્ન આઈઆઈઆઈએમના 20મા અને CLASS ના પ્રથમ વાર્ષિક દિવસની તાજેતરમાં સંયુક્તપણે ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે મુખ્ય દાતા દેવાંગ પટેલે યુવાનોને કારકિર્દીમાં શ્રેષ્ઠતા હાંસિલ કરવા અને પર્યાવરણ જાળવણી માટે વધુ વૃક્ષારોપણ કરવા પ્રેરિત કર્યા હતા. આ કાર્યક્રમ દરમિયાન શૈક્ષણિક અને સહ-શૈક્ષણિક ક્ષેત્રે ઉત્કૃષ્ટ સિદ્ધિ બદલ 500થી વધુ વિદ્યાર્થીઓને ટ્રોફી, મેડલ અને પ્રમાણપત્રો આપી સન્માનિત કરાયાં હતાં. આ અવસરે સંસ્થાના અગ્રણીઓ અને હોદ્દેદારોની ઉપસ્થિતિમાં વાર્ષિક અહેવાલ રજૂ કરી સ્ટાફગણની મૂલ્યવાન કામગીરીને પણ બિરદાવવામાં આવી હતી.



### બીવીએમ કોલેજના એજ્યુકેશન કરીઅર ફેરમાં 33 વિદેશી યુનિવર્સિટીએ માર્ગદર્શન આપ્યું



**આણંદ |** ચારુતર વિદ્યામંડળ સંચાલિત બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય (BVM) અને સાગર કન્સલટન્ટસના સહયોગથી વિદ્યાર્થીઓ માટે આંતરરાષ્ટ્રીય શિક્ષણ કારકિર્દી મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મેળામાં યુએસએ, યુકે, કેનેડા અને ઓસ્ટ્રેલિયા જેવા દેશોની 33 પ્રતિષ્ઠિત યુનિવર્સિટીઓના પ્રતિનિધિઓએ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રવેશ પ્રક્રિયા અને સ્કોલરશીપ અંગે માર્ગદર્શન આપ્યું હતું. પ્રિન્સિપાલ ડો. વિનય પટેલે જણાવ્યું કે, વિદ્યાર્થીઓ વિદેશમાં ઉચ્ચ અભ્યાસ દ્વારા પોતાની કારકિર્દીનું શ્રેષ્ઠ ઘડતર કરી શકે તેવા ઉમદા હેતુથી આ કાર્યક્રમ યોજાયો હતો.

### વીરપુરના વરધરા ખાતે ભાજપ પ્રદેશ મંત્રી મુક્તિબેન જોષીનો ભવ્ય સન્માન સમારોહ યોજાયો

**વીરપુર |** વીરપુરના વરધરામાં બાબુલનાથ મહાદેવ મંદિર ખાતે ત્રિવેદી મેવાડા બ્રહ્મ સમાજ દ્વારા ભાજપ પ્રદેશ મંત્રી મુક્તિબેન જોષીનો સન્માન સમારોહ યોજાયો હતો. પૂર્વ ધારાસભ્ય રાજેશભાઈ પાઠક અને સમાજના અગ્રણીઓની હાજરીમાં મુક્તિબેને વડીલોના આશીર્વાદ મેળવી હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. આ નવી જવાબદારીને સમાજના સહકારથી વધુ નિષ્ઠાપૂર્વક નિભાવવા માટે મુક્તિબેન જોષીએ પોતાની કટિબદ્ધતા દર્શાવી હતી. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલા સમાજના ભાઈ-બહેનો અને પદાધિકારીઓએ નવનિયુક્ત મંત્રીને શુભેચ્છાઓ પાઠવી હતી.



### નડિયાદ - આણંદ - અંજાર રૂટ પર નવી સેમી લક્ઝરી બસોનું લોકાર્પણ કરાયું




**નડિયાદ |** નડિયાદના ધારાસભ્ય પંકજ દેસાઈના હસ્તે મુસાફરોની સુવિધા માટે નડિયાદ-આણંદ-અંજાર રૂટ પર બે નવી 'ગુર્જર નગરી' સેમી લક્ઝરી બસોનું લોકાર્પણ કરવામાં આવ્યું છે. આ રૂટ પર હવે સાદી બસોના બદલે અદ્યતન સુવિધાયુક્ત બસો દોડશે, જેનાથી મુસાફરોની સગવડમાં નોંધપાત્ર વધારો થશે. લોકાર્પણ પ્રસંગે ડેપો મેનેજર કે.કે. પરમાર, એસ.ટી. વિભાગના કર્મચારીઓ અને મોટી સંખ્યામાં મુસાફરો ઉપસ્થિત રહ્યા હતા.

### મહીજ ગામમાં એનસીડી અને એક્સ-રે કેમ્પમાં 200થી વધુ ગ્રામજનોએ લાભ લીધો



**ખેડા |** તાલુકાના વાસણા મારગિયા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દ્વારા મહીજ ગામે વિશેષ આરોગ્ય કેમ્પનું આયોજન કરાયું હતું. ડો. એમ. એચ. મકવાણાના માર્ગદર્શન હેઠળ ૨૦૦થી વધુ લાભાર્થીઓના એક્સ-રે તથા ડાયાબિટીસ અને બીપીની તપાસ કરી સ્થળ પર જ સારવાર આપવામાં આવી હતી. આ કેમ્પમાં આરોગ્ય વિભાગના CHO અને અન્ય કર્મચારીઓએ હાજર રહી ગ્રામજનોને જરૂરી તબીબી સેવાઓ પૂરી પાડી હતી.

### કરમસદની ભાર્ગવા આયુર્વેદ કોલેજમાં ફાયર સેફ્ટી અંગે જાગૃતિ અને તાલીમ કાર્યક્રમ યોજાયો

**આણંદ |** કરમસદ-આણંદ ફાયર એન્ડ ઇમરજન્સી સર્વિસીસ દ્વારા ડેમી ગામની ભાર્ગવા આયુર્વેદ કોલેજમાં 480 વિદ્યાર્થીઓ અને 18 શિક્ષકો માટે ફાયર સેફ્ટી ટ્રેનિંગનું આયોજન કરાયું હતું. ફાયર ઓફિસર ધર્મેશ ગોરની સૂચના મુજબ ફાયરમેન દ્વારા આગ બુઝાવવાની પ્રાથમિક પદ્ધતિઓ અને કોલેજની ફિક્સ ફાયર સિસ્ટમનો ઉપયોગ સમજાવવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં અગ્નિશમન સાધનોની કામગીરીનું પ્રેક્ટિકલ ડેમોન્સ્ટ્રેશન આપીને ઉપસ્થિત તમામ લોકોને માહિતગાર કરવામાં આવ્યા હતા. યુવા પેઢીમાં ફાયર સેફ્ટી અંગે જાગૃતિ ફેલાવવાના હેતુથી ફાયર બ્રિગેડ દ્વારા શાળાઓ અને કોલેજોમાં આ પ્રકારે સતત તાલીમ આપવામાં આવે છે.



### આણંદના ડો. હંસકુવરબા રાજેને મુખ્યમંત્રીના હસ્તે 'રાજ્ય મહિલા વિકાસ પુરસ્કાર' એનાયત




**આણંદ |** આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ડો. હંસકુવરબા રાજેને મહિલા સશક્તિકરણ ક્ષેત્રે તેમના નોંધપાત્ર યોગદાન બદલ રાજ્ય કક્ષાનો પુરસ્કાર એનાયત કર્યો છે. તેમણે દીકરીઓના શિક્ષણ, મહિલાઓને આર્થિક આત્મનિર્ભર બનાવવા અને છેવાડાની મહિલાઓ સુધી સરકારી યોજનાઓ પહોંચાડવા માટે પ્રશંસનીય કામગીરી કરી છે. વિશેષ રૂપે, તેમણે વિભક્ત કુટુંબોમાં સંયુક્ત કુટુંબની ભાવના જાળવવા અને પતિ-પત્ની વચ્ચેના વિખવાદો ઘટાડી છૂટાછેડા અટકાવવા મહત્વના પ્રયાસો કર્યા છે. આ સન્માન સમારોહ ગાંધીનગરમાં મુખ્યમંત્રીના નિવાસસ્થાને મહિલા અને બાળ કલ્યાણ મંત્રી મનીષા વકીલની ઉપસ્થિતિમાં યોજાયો હતો.

**જાહેર હરાજી**

આથી લાગતા વળગતા રસ ધરાવતા તમામ વ્યકિતઓને જણાવવાનું કે, મોજે. ગામ.ભુવેલ તા. ખંભાત. જી. આણંદ ખાતે પંચાયત હસ્તકની જર્જરિત ગ્રામ પંચાયત કાટમાળ સાથે તોળી પાડી સમતળ કરવાની હોઈ જેની જાહેર હરાજી તા. 31/3/2026ને સોમવારના રોજ બપોરે 1 :00 કલાકે ભુવેલ ગ્રામ પંચાયત ખાતે રાખવામાં આવેલ છે. જેમાં જેની અપસેટ કિંમત રૂ. 1570 (એક હજાર પાંચ સો સિત્તેર રૂપિયા પુરા) રાખવામાં આવી છે. જાહેર હરાજીમાં ભાગ લેનાર ઈસમને ડિપોઝીટ પેટે રૂ. 2500 હરાજી શરૂ થયા પહેલા જમા કરાવવાની રહેશે.જાહેર હરાજીમાં ભાગ લેવા ઇચ્છતા વ્યકિતઓએ નિયત તારીખ અને સમયે હાજર રહેવા જણાવવામાં આવે છે. હરાજીની શરતો હરાજી સમયે સ્થળ પર વાંચી સંભળાવવામાં આવશે.

**સરપંચ / તલાટી કમ મંત્રી**
ભુવેલ ગ્રામ પંચાયત,મુ. ભુવેલ તા. ખંભાત. જી. આણંદ